મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૬૭ ટકા
ગાંધીનગર તાપમાન

નીટના વિદ્યાર્થી-વાલીઓના આંદોલનમાં કોંગ્રેસ જોડાઈ

નીટના વિદ્યાર્થીઓનો ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે દેખાવો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની મેડીકલ કોલેજ ખાતે ફરી એકવાર નીટના મુદ્દે વિદ્યાર્થીઓ તથા વાલીઓએ દેખાવો યોજયા હતા. આ વખતે કોંગ્રેસના પ્રદેશ નેતાઓ ભરતસિંહ સોલંકી, નિશિત વ્યાસ, હિમાંશુ પટેલ, સૂર્યસિંહ ડાભી સહિત અગ્રણીઓ જોડાતા વાલીઓનો જુસ્સો બેવડાયો હતો. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આ તબક્કે વિદ્યાર્થી-વાલીઓને સંબોધતા કહ્યું હતું કે 'આ વિદ્યાર્થીઓ રાજયના હીરા ઝવેરાત છે, કોંગ્રેસ તેમને ન્યાય અપાવવા હંમેશા તેમની પડખે રહેશે.' આ સાથે તેમણે ગુજરાત સરકારને ચેતવણી આપતા કહ્યું હતું કે 'આ વિદ્યાર્થીઓની હાય તમને ભરખી ના જાય તે જોજો.'

આજે સવારે ૧૨ વાગ્યાના સુમારે નીટના મુદ્દે આંદોલન કરી રહેલા વાલીઓ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં એકઠાં થયા હતા અને થાળી-વેલણ વગાડી તેમને થયેલા અન્યાય મુદ્દે લડત આપવા કટિબધ્ધતા દર્શાવી હતી. બરાબર આ સમયે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેતાઓ રાજયપાલને નીટ મુદ્દે આવેદનપત્ર આપવા ગયા હતા. જયાં તેમને વિદ્યાર્થી-વાલીઓના કાર્યક્રમ અંગે જાણ થતા તેઓ પણ મેડીકલ કોલેજ ખાતે આવી પહોંચ્યા હતા. વિદ્યાર્થી વાલીઓએ તે પહેલા સિવિલના ગેટથી રેલી સ્વરૂપે મેડીકલ કોલેજ પહોંચ્યા હતા. અને મેડીકલ કોલેજના પગથિયે બેસી થાળી-વેલણ વગાડી સુત્રોચ્ચાર કર્યા હતા. આ સમયે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, મહામંત્રી નિશિત વ્યાસ, પ્રવકતા હિમાંશુ પટેલ સહિત અગ્રણી નેતાઓ સાથે કોંગ્રેસના કાર્યકરો અને સ્થાનિક ટેકેદારો તથા કોર્પોરેટર્સ આવી પહોંચ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓ તથા વાલીઓને તેમના આંદોલનનો ટેકો જાહેર કરતા તેમને ન્યાય મળે ત્યાં સુધી લડત આપવા પડખે રહેવાની બાંહેધરી આપી હતી. આ પ્રસંગે ભરતસિંહ સોલંકીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

સે-૪-ડીમા જન્માષ્ટમીની શ્રધ્ધાપૂર્ણ ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં જન્માષ્ટમીનો તહેવાર ખૂબ શ્રધ્ધાપૂર્વક ઉજવાય છે. શહેરના મંદિરો ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ, વસાહતો, સોસાયટીઓ તથા ભાવિકો દ્વારા આ પર્વની ઉજવણી માટે આગવા આયોજન કરવામાં આવે છે. શહેરના સે-૪-ડી ખાતે નિવૃત્ત સરકારી અધિકારી સી.બી. પટેલ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી જન્માષ્ટમીની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તેમના નિવાસસ્થાને જન્માષ્ટમી નિમિત્તે સવારે ૯ થી રાતના ૧૨ વાગ્યા સુધી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

સેકટર-૪-ડીમાં પ્લોટ નં. ૧૩૬૫/૧ ખાતે સી.બી. પટેલના નિવાસસ્થાને તા. ૧૫મી ઓગસ્ટે જન્માષ્ટમી નિમિત્તે સવારે ૯.૩૦ કલાકે આરતીથી ઉજવણીનો પ્રારંભ થશે. આ કાર્યક્રમમાં રાત્રે ૧૨ વાગે કૃષ્ણજન્મ થાય ત્યાં સુધી ભજનકિર્તન ચાલશે અને કૃષ્ણજન્મોત્સવ સાથે ભવ્ય આરતી અને મટકી ફોડનો કાર્યક્રમ યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમમાં જોડાઈ જન્માષ્ટમીના પર્વની ઉજવણીમાં જોડાવા શહેરના શ્રધ્ધાળુઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મનપા દ્વારા મહિલા કર્મયોગી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'મહિલા સશકિતકરણ પખવાડિયા'ની ઉજવણી ભાગરૂપે તા. ૧૧/૦૮/૨૦૧૭ ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે 'આજે મહિલા કર્મયોગી દિવસની'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. ડી.એન.બારોટ, લીગલ ઓફિસર શ્રી ધનંજય રાણે, એન.યુ.એલ.એમ. મેનેજર રાહુલભાઈ, રીતીબેન ગાંધી નગર મહાનગરપાલિકા તેમજ કુલ ૨૫ જેટલી કર્મચારી બહેનો આજે આ દિવસની ઉજવણી નિમિતેના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સ્ત્રી જીવન પર્યત કર્મયોગી છે તે વિવિધ કાર્ય હેઠળ હમેશાં શ્રમને વળેલ છે તે સાર્થક કરતા વિવિધ કામગીરીનું અને જવાબદારીનું વહન કરે છે અને પૂરી નૈતિકતાથી નિભાવે છે. તેમજ મહિલાઓ સામાજિક પરીપેક્ષની સાથે મહિલાઓનું કાર્યક્ષેત્ર પણ બદલાયેલું છે. સમાજમાં પૂર્વે મહિલાઓની કામગીરીને મહત્વ ઓછું આપવામાં આવતું . પરતું સમયની સાથે આ વ્યાખ્યા બદલાઈ છે જે સંદર્ભમાં વક્તા દ્વારા જણાવેલ કે વૈચારિક બદલાવ, સામાજિક બદલાવ અને સમાનતાની ભાવના પર વિશેષ ભાર મુકવાની જરૂર છે. આ ઉપરાંત શ્રમની સાથે શારીરિક સક્ષમતા પણ હોવી જોઈએ, જેમાં યોગ – નિયમ અને કસરતથી સ્વાથ્યની જાળવણી કરવી સાથે સાથે આહાર – પ્રતિહારનું સમતોલન જાળવવું જોઈએ. આ ઉપરાંત પ્રવર્તમાન સ્ત્રી સંરક્ષણ અને ન્યાયિક હિતો જળવાય તે સંવિધાનિક જોગવાઈ હેઠળ રચાયેલ વિવિધ કાયદાઓ અને તેની જોગવાઈની માહિતી આપવામાં આવી હતી.

બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન અને વિકાસ માટે 'ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર'ની સ્થાપના કરાશે

ગાંધીનગર, તા.૧૪

રાજયમાં જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થાના વિકાસ દ્વારા જનસુખાકારી વધારવા માટે બાયોટેકનોલોજી મહત્વની પૂરવાર થઈ રહી છે ત્યારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ આ ક્ષેત્રે પ્રાધાન્ય આપ્યું છે. બાયોટેકનોલોજી ક્ષેત્રના વિકાસ માટે રાજ્યમાં નવતર કદમ ઉઠાવીને 'ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ' સેન્ટરની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે, એમ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની યાદીમાં જણાવાયું છે.

રાજય હસ્તકના રિસર્ચ પગલાઓને અગ્રતા અને ખાસ પ્રાધાન્ય આપવાના હેતુથી તથા રાજયના વિકાસ માટે જરૂરી એવા મહત્વના ક્ષેત્રોમાં બાયોટેકનોલોજી ક્ષેત્રે રિસર્ચ હાથ ધરાય અને તે રિસર્ચ પેપરના પબ્લિકેશન સુધી માર્યાદિત ન રહેતા તેના પરથી આરોગ્ય, ખેતી, પર્યાવરણ, પશુપાલન જેવા ક્ષેત્રોમાં ટેકનોલોજી વિકાસને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા નવા 'ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર'' નામની સંસ્થાની સ્થાપના કરાઈ છે. આ સંસ્થા વિજ્ઞાન અને પ્રોદ્યોગકી વિભાગના નેજા હેઠળ સ્વતંત્રપણે કામગીરી કરશે.

ગુજરાત સરકારે બાયોટેકનોલોજીનું મહત્વ સમજીને રાજ્યમાં બાયોટેકનોલોજી ક્ષેત્રે વિકાસ સાથે તાલમેલ સાધવા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ વર્ષ-૨૦૦૪માં બાયોટેકનોલોજી ક્ષેત્રે રાજ્યની મધ્યવર્તી એજન્સી તરીકે 'ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન'ની સ્થાપના કરી છે. બાયોટેકનોલોજી મિશનની સ્થાપના બાદ મિશન દ્વારા મુખ્યત્વે બીટી પોલીસીનું અમલીકરણ અને વ્યાપાર વિકાસ ઉદ્યોગસાહસિકતા વિકાસ, બાયોટેકનોલોજી ઈન્કયુબેટર અને બાયોટેક પાર્કની સ્થાપના, માનવ સંશાધન વિકાસ, જાગૃતતા અને માહિતી પ્રસારણ તથા જુદા-જુદા મહત્વના સંશોધન પ્રોજેકટસ જેવા ક્ષેત્રોમાં પ્રવૃત્તિઓનો વિકાસ કર્યો છે. ગુજરાત બાયોટેક ક્ષેત્રે ભારતના અગ્રગણ્ય રાજયોમાં સ્થાન ધરાવે છે. હાલમાં ગુજરાતમાં ૧૭૫ થી વધારે બાયોટેક ક્ષેત્રે કામ કરતી કંપનીઓ છે જે કુલ રૂા.૪૫૦૦/- કરોડથી વધારેનું ટર્નઓવર ધરાવે છે. રાજ્યમાં દર વર્ષે ૬૦૦૦થી વધારે અનુસ્નાતકો, બાયોટેક અને સંલગ્ન ક્ષેત્રે અંદાજે ૧૦૦થી વધારે **Ph.D** તજજ્ઞો બહાર પડે છે.

અન્નકુટ - સેક્ટર-૨૧ વૈજનાથ મહાદેવના મંદિરે શ્રાવણ માસના સોમવારની સાંજે નયનરમ્ય રંગોળી અને અન્નકુટ યોજાયો હતો... શ્રાવણિયા સોમવારે ભાવિકો મહાદેવના દર્શને મોટી સંખ્યામાં ઉમટે છે... અન્નકુટના આયોજનથી ભાવિકોએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી....

@ગાંધીનગર

● સેકટર-૮, પ્લોટ નં. ૬૩૫, સંજય થોરાતના નિવાસસ્થાને સવારે ૮.૧૫ થી ૧૦ કલાક દરમિયાન સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અગ્રણી ધારાશાસ્ત્રી અશ્વિનભાઈ ત્રિવેદી તથા સોસાયટીમાં વસતા પાડોશીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

● સે-૧૪ ગુમા સ્પોર્ટસની સામે સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૧ ઓમકાર પાન પાર્લર ખાતે સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે ત્યાર બાદ જલેબી વિતરણ કરવામાં આવશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે દ્વાદશ જયોર્તિલીંગ કથા તેમજ મલ્લિકાર્જુન દર્શન યોજાશે.

● સે-૨૧ શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા જન્માષ્ટમી તહેવાર નિમિત્તે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન ચિત્ર સ્પર્ધા યોજાશે. રાત્રે ૧૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન જાગરણના દર્શન થશે.

● સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી સે-૨૩ લગ્નવાડી ખાતે રાત્રે ૮.૩૦ કલાકથી શરુ થશે.

● શિવશકિત મંદિર સે-૩-ન્યુ ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી રાત્રિના ૮.૩૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે અને ૧૨.૩૦ થી ૧ કલાક દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ તથા મટકી ફોડનો કાર્યક્રમ યોજાશે.

● લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૦૦ કલાકેથી શ્રી જલારામ મંદિર, સે. ૨૯ ખાતે રાસ-ગરબા, મટકી ફોડ અને કૃષ્ણ જન્મોત્સવના અવસરનો લ્હાવો મળશે.

● પૂજન ડાન્સ એકેડમી દ્વારા ગાયત્રી મંદિર ખાતે રાત્રે ૮.૦૦ કલાકે અને ઝુલેલાલ મંદિર ખાતે રાત્રે ૧૦.૩૦ કલાકે જન્માષ્ટમીની ઉજવણી અંતર્ગત રાધા-કૃષ્ણ નૃત્ય નાટિકા, પ્રાર્થના, રાસ તેમજ ગરબાની પ્રસ્તુતિ કરાશે.

● ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે રાત્રે ૧૨ કલાકે ૧૧૦૧ દીવડાની મહાઆરતી યોજાશે.

● નિલકંઠ વિલા યુવક મંડળ, પેથાપુર દ્વારા સવારે ૮.૦૦ કલાકે સ્વાતંત્ર્ય દિન તેમજ રાત્રે ૮ કલાકથી જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

● જલારામ મંદિર સેકટર-૨૯ ખાતે રાત્રે ૮ કલાકથી જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી રાસ ગરબાની રમઝટ કરી કરાશે. ત્યાર બાદ મટકી ફોડનો કાર્યક્રમ પણ લોહાણા યુવા સંગઠન દ્વારા યોજવામાં આવેલ છે.

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે રાત્રે ૮ થી ૧૨ કલાક દરમિયાન બહેનો દ્વારા ભકિત રાસ, ભાગવત કથા, વિદ્યાર્થીઓનું સન્માન, યુવા બાળ સત્સંગ કલરવ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને કૃષ્ણ જન્મોત્સવ યોજાશે.

● બ્રહ્માકુમારી સે-૨૮ દ્વારા રાત્રિના ૮ થી ૧૦ કલાક દરમિયાન કલ્ચરલ પ્રોગ્રામ અને કૃષ્ણ જન્મોત્સવ અંતર્ગત મટકી ફોડનો કાર્યક્રમ યોજાશે.

આઈ લવ માય ગાંધીનગર

સંજયસિંહ રાઠોડ

ગાંધીનગર ગમે

શાંત, રમણીય વાતાવરણ, સુંદર માર્ગો અને મિલનસાર લોકોને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

નગરજનો

નગરજનો શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલા અને સાલસ છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

કલ્ચરલ ફોરમ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ચિલ્ડ્રન યુનિવર્સિટી, જુસિકા, સિસિકા, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

માળખાકીય સુવિધાઓ તથા સ્વચ્છતા માટેની ટેવને સુધારવાની જરૂર છે, તો નગરને બહેતર બનાવી શકાશે.

નગર માટે હું કરી શકું

સેવાકાર્યો માટે મારી સઘળા પ્રકારની સહાય શહેરને પૂરી પાડવા માટે હું તત્પર છું.

મહર્ષિ અરવિંદના ૧૪૫મા જન્મદિને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

મહર્ષિશ્રી અરવિંદના ૧૪૫માં જન્મદિન નિમિતે તા. ૧૫ ઓગસ્ટને મંગળવારના રોજ અરવિંદ કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

મહિર્ષિ અરવિંદના ૧૪૫માં જન્મદિનને પગલે અરવિંદ કેન્દ્ર સે-૨૩ના વિદ્યાર્થીઓ દ્વારા યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાસ્ત્રીય નૃત્યમાં કથક-તબલાવાદન, તેમજ ખાસ જન્માષ્ટમીના પર્વ પ્રસંગે શ્રી કૃષ્ણમ વંદે જગદગરૂમ શીર્ષક હેઠળ શ્રી કૃષ્ણની જાણીતી રચનાઓ રજુ કરવામાં આવનાર છે. તો આ ધાર્મિક પ્રસંગે શ્રી અરવિંદ કેન્દ્રના દ્વારા સર્વે વિદ્યાર્થીઓને અને સંગીત પ્રેમી શ્રાતાજનોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૩-૮-૧૭ને રવિવારના રોજ સમાજના હોલ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં સમાજના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. સમાજના સભ્યોએ આગામી વિવિધ કાર્યક્રમની ચર્ચા વિચારણા કરી હતી. સૌ સભ્યોનો સંસ્થાના પ્રમુખ અને મંત્રીએ આભાર વ્યકત કર્યો છે.

જયોતિ મહિલા મંડળ દ્વારા શ્રમિક પરિવારોમાં નાસ્તાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૪

જયોતિ મહિલા મંડળ દ્વારા સાતમ-આઠમના તહેવાર નિમિતે નગરના જરુરીયાતમંદ પરિવારજનોને મોહનથાળ, ચવાણું તેમજ ગાંઠીયાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેકટર-૧૩, ૨૦ અને ચરેડી છાપરામાં જરુરીયાતમંદોને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડો. ચેતના બુચ, નિરૂબેન નાયક, કોકીલાબેન નાયક, તેમજ કિન્નરી દવેના સહયોગથી ઝુંપડા વસાહતમાં નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.જયોતિ મહિલા મંડળ દ્વારા શ્રમિક પરિવારોને સાતમના દિવસે નાસ્તાનું વિતરણ કરાતા શ્રમિકોના ચહેરા પર આનંદની લ્હેર જોવા મળી હતી.

સેકટર-૨ સ્થિત બગીચા ખાતે મહિલા સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૪

યા દેવી સર્વ ભુતેષુ શકિત રૂપેણ સંસ્થિતાના મંત્રને ચરિતાર્થ કરવા સે-૨ બગીચા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે મહિલા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં પેરાલીગલ વોલન્ટીયર જયરામભાઈ સોની દ્વારા સમાજમાં મહિલા સશકિતકરણ અંતર્ગત ઘટી રહેલા સેકસ રેશિયા અને સાક્ષરતા દર માટે ઘડાયેલા કાયદા કાનૂનની સહિત મહિલા, બાળકો, કિશોરીઓને લગતી જાણકારી પુરી પાડી હતી. સમાજમાં ગર્ભ પરીક્ષણ, સ્ત્રી ભ્રૂણ હત્યા, હિન્દુ લગ્નધારો, દહેજ, ઘરેલું હિંસા, ભરણપોષણ જેવા કાયદાની માહિતી પુરી પાડી હતી.

પ્રવર્તમાન સમયમાં બાળકો ટીન એજર્સમાં વધી રહેલી ઈન્ટરનેટ વપરાશની ઘેલછા 'બ્લ્યુ વ્હેલ ગેમ'થી મોતને વ્હાલુ કરતા બાળકોને બચાવવા માટેના ફેસબુકના ફંદાથી ફસાઈ જતાં ટીન એજર્સને રોકવા તથા સાચા રસ્તે દોરવા તલસ્પર્શી વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

આ સેમિનારમાં શહેરના મહિલા કોર્પોરેટર પ્રવિણાબેન વોરા, બગીચામાં નિયમિત યોગાભ્યાસ કરતી બહેનો વિવિધ સેકટરોમાંથી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. અંતમાં આ પ્રકારની જનજાગૃતિને લગતા કાર્યક્રમ અંગે જરુરી સુચનો આવકાર્યા હતા.

સ્વાઈન ફ્લુ વકર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવનો મળી આવેલ છે. આ દર્દીને શંકાસ્પદ દર્દી તરીકે ગાંધીનગર સિવિલમાં મોકલવામાં આવેલ હતો અને પરીક્ષણ દરમ્યાન તેને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાઈ આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે સ્વાઈન ફ્લુના ૭ પોઝીટીવ કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલા અને એક નાની બાળકીનો પણ સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુરમાંથી બે પોઝીટીવ કેસ મળી આવેલ છે. તો પાલજમાંથી એક મહિલા દર્દી મળી આવેલ છે. આ ઉપરાંત વાવોલ ગામમાંથી એક નાની બાળકીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે.

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ રાયસણ ગામમાંથી એક, કોટેશ્વરમાંથી ૧ અને આદરજ મોટી ગામમાંથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે મળેલ નવ કેસો સાથે સ્વાઈન ફ્લુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૩૮ પર પહોંચી છે. ચાલુ જ મહિનામાં ૨૫ કેસ નોંધાયા છે જે બાબત અતિ ગંભીર લેખી શકાય.

મળતી વિગતો પ્રમાણે દહેગામના નાંદોલ રોડ પર આવેલ સરણિયા વાસનો એક યુવાન જે સ્વાઈન ફ્લુની સારવાર હેઠળ હતો તેનુ વહેલી સવારે મોત નીપજ્યુ છે. આ સાથે સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામનારાઓની સંખ્યા વધીને ૧૦ થઈ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ગાંધીનગર તાલુકામાં ૧૬, દહેગામમાં ૬, માણસામાં ૫, કલોલમાં ૧૧ કેસ નોંધાઈ ચુકયા છે.

નોંધાયેલા આ કેસો પૈકી દહેગામના ૪ દર્દી, માણસા અને કલોલના ૩-૩ દર્દીના મોત નીપજ્યા છે.

આજે મળી આવેલા કેસોને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જેમાં દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. હાલ જિલ્લાના ૨૧ દર્દીઓ સારવાર હેઠળ છે.

પ્રચંડ પુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણકાર લોકો કહી રહ્યા છે કે ત્રણ દશકમાં પ્રથમ વખત કાજીરંગા પાર્કને આવી ભયાનક સ્થિતીનો સામનો કરવો પડ્યો છે. બચાવ અને રાહત કામગીરી દરેક રાજ્યના અસરગ્રસ્ત વિસ્તારોમાં ચાલી રહી છે. બિહારમાં ૧૨ જિલ્લામાં હાલત કફોડી બની ગઈ છે. યુપીમાં પણ સંકટ છે. ઉત્તરપ્રદેશ અને બિહારમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. નેપાળમાં ભારે વરસાદની અસર પણ દેખાઈ છે.ગુવાહાટીથી પ્રાપ્ત હેવાલ મુજબ આસામના ૩૩ જિલ્લાઓ પૈકી ૨૧ જિલ્લાઓમાં પુરની સ્થિતિ પ્રવર્તી રહી છે. બચાવ અને રાહત કામગીરી માટે ફરી એકવાર સેનાને બોલાવી લેવામાં આવી છે. રાજ્યમાં પુરના બીજા મોજાના લીધે પણ તંત્ર અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પ્રથમ રાઉન્ડમાં ૮૫ લોકોના મોત થયા હતા અને ૧૯ લાખને અસર થઈ હતી. એપ્રિલથી જુલાઈ વચ્ચેના ગાળામાં આ ૮૫ મોત થયા હતા. હવે બીજા દોરમાં વધુ ૨૪ લોકોના મોત થયા છે. આની સાથે જ આ વર્ષે પુર સંબંધિત બનાવોમાં કુલ મોતનો આંકડો વધીને ૧૦૯ ઉપર પહોંચી ગયો છે. પાટનગર ગુવાહાટીમાં આઠ લોકોના મોત થયા છે. ત્રણ જિલ્લામાં વધુ ૧૦ના મોત થયા છે. જેમાં કોકરાઝારમાં છ લોકોના મોત થયા છે. બોંગાઈગામમાં ત્રણના મોત થયા છે. વિશ્વનાથમાં એકનુ મોત થયુ છે. એરફોર્સને પણ બચાવ કામગીરી માટે તૈનાત રાખવામાં આવી છે. આઈએએફને સ્ટેન્ડ બાય ઉપર રખાય છે. આસામમાં નવેસરના પુરના કારણે ૨૧ જિલ્લામાં આશરે ૨૨.૫ લાખ લોકોને માઠી અસર થઈ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના મુખ્યપ્રધાન સર્બાનંદ સોનોવાલની સાથે ફોન પર વાતચીત કરી છે. સોનોવાલે ડિબરુગઢ જિલ્લામાં પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી છે. વડાપ્રધાને પુરની સ્થિતી અંગે ચિંતા વ્યક્ત કરીને બનતી તમામ સહાય કરવાની ખાતરી આપી છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અહેવાલ મુજબ ઉત્તર પૂર્વીય રાજ્યના ૨૧ જિલ્લાઓના ૭૮૧થી વધુ ગામમાં સાડા ત્રણ લાખથી વધુ લોકોને અસર થઈ છે.

હંબગ વાર્તા છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સીઆઈડી ક્રાઈમ ચોટીકાંડના દરેક મામલાની ઝીણવટભરી તપાસ હાથ ધરશે. કોઈએ ગભરાવાની જરૂરર નથી. અલબત્ત, જે ચોટીકાંડ મામલે ખોટી અફવા કે ભયનો માહોલ ફેલાવશે તેવા તત્વો વિરૂધ્ધ કાયદાનુસાર પગલા લેવામાં આવશે.

અમદાવાદ શહેરમાં ઓઢવમાં મહિલાની ચોટલી કપાયાની ઘટનામાં આજે પોલીસ તપાસમાં મહિલાએ કબૂલ્યું કે, તેણીએ જાતે જ ચોટલી કાપી હતી. બીજીબાજુ, સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં એક જ દિવસમાં ૯ મહિલાઓની ચોટલી કપાઈ હતી. સુરતમાં પાંચ, કીમ ખાતે એક, પાંડેસરામાં ત્રણ અને માંગરોળ-વાપીમાં એક-એક એમ કુલ ૯ મહિલાઓની ચોટલી કપાઈ હતી. જેને પગલે સુરત અને દક્ષિણ ગુજરાતના પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. બીજીબાજુ, પોલીસે આ કિસ્સાઓ સંદર્ભે તપાસ હાથ ધરી લોકોને નહી ગભરાવા અને અફવાથી ગેરમાર્ગે નહી દોરાવા અપીલ કરી હતી.

ચિરવિદાય

- સ્વ. ગોવિંદભાઈ માધવદાસ પટેલ, ઉ.વ. ૬૧
- સ્વ. કોકીલાબેન દિનેશભાઈ રાવલ, ઉ.વ. ૫૮
- સ્વ. રમેશભાઈ છનાજી ભીલ, ઉ.વ. ૬૦
- સ્વ. દિવાબેન કાળાજી રાણા, ઉ.વ. ૭૦
- સ્વ. કિર્તિભાઈ માધવલાલ પટેલ, ઉ.વ. ૫૬